**રે. દરખાસ્ત નં. ૪૦/ ૨૦૨૨**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

રેકર્ડ વંચાણે લેતાં, સદરહું દરખાસ્તની અત્રેની કોર્ટમા નિયમાનુસાર સામાવાળાઓને નોટીસ કરેલી જે ધારા ધોરણસર નોટીસ બજ્યા બાદ સદર કામના સામાવાળા વિ.વ.શ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થયેલ નથી કે કોઇ રીપોર્ટ રજુઆત કરેલ નથી તેમજ દરખાસ્તદાર કે તેઓના વિ.વ.શ્રી દરખાસ્ત દાખલ કર્યા બાદ આજદિન સુધી હાજર રહેલ નથી કે કોઈ રીપોર્ટ રજુઆત કરેલ નથી કે તે બાબતની કોઈ સુનાવણી પણ કરેલ નથી તેમ છતાં સદરહું કામ ન્યાયના હિતમાં વારંવાર મુલત્વી રાખેલ અને આજરોજ પણ કોર્ટ સમય પુર્ણ થતા સુધી વારંવાર પોકાર કરવા છતાં દરખાસ્તાદાર કે તેઓના વતી કોઈ હાજર રહેલ નથી કે તે બાબતની કોઈ સુનાવણી પણ કરેલ નથી. આમ ઉપરોકત હકીકતે સદરહુ કામના દરખાસ્તદારને હાલની દરખાસ્ત આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેમ જણાઈ આવતુ નથી. જેથી હાલની દરખાસ્ત સંબંધે કાયદાકીય જોગવાઈઓ વંચાણે લ ેતાં સદર દરખાસ્તદારની કસુરના કારણે સી. પી. સી. ઓ. ૨૧, રુલ– ૧૦૫(૨) મુજબ સદર દરખાસ્ત કાઢી નાખવાનો હુકમ ફરમાવુ છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૭–૦૧– ૨૦૨૪
ઝાલોદ

**(એસ. એ. ટેલર)**
**પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ**
**ઝાલોદ**